ઉત્તરાયણ પૂર્વેના અંતિમ રવિવારે પતંગ દોરીની ખરીદીમાં ધુમ ઘરાકી

તસવીર : ધવલ વાજા

દોરી ઉપર માંજો ચડાવવા માટે પતંગબાજો ઉમટી પડ્યા, પર્વની ઉજવણી માટેની તૈયારીઓ અંતિમ ચરણમાં

ભાવનગર,તા.૧૨

બાળકોથી માંડીને યુવાનો અને વડીલોના પ્રિય તહેવાર એવા ઉત્તરાયણને હવે માત્ર બે દિવસની વાર છે ત્યારે પતંગ રસિકો તૈયારીમાં લાગી ગયા છે અને પતંગ તથા દોરીની ખરીદી કરવા તેમજ માનજો ચડાવવા માટેની તૈયારીઓ પૂર્ણ કરવામાં વ્યસ્ત બન્યા છે. રંગબેરંગી પતંગોથી આકાશને રંગવા ભાવનગર સજ થઈ રહ્યું છે અને હવે છેક અંતિમ તબક્કામાં ભાવનગર શહેરમાં પતંગ બજારમાં ખરીદીનો પવન ફૂંકાયો છે. રવિવારે જવાહરમેદાનમાં દોરી પર માંજો ચડાવવા માટે પતંગબાજોની ભારે ભીડ જોવા મળી હતી અને મોડી રાત્રી સુધી ગીર્દી રહેવા પામી હતી. આ ઉપરાંત મકરસંક્રાંતિ પહેલાના છેલ્લા રવિવારે ઠેર ઠેર પતંગ દોરીની તૈયારીઓની ભીડ જોવા મળી હતી.

શહેરના જવાહરમેદાન ગુરુદ્વારા સામેના ગ્રાઉન્ડ, વડવા, ભાવનગર પરા, બોરતળાવ, કુંભારવાડા, વડવા, ઘોઘારોડ અને જકાતનાકા તેમજ સુભાસનગર સહિતના વિસ્તારોમાં પતંગ અને રીલ પાવા વાળા વેપારીઓને ત્યાં યુવાઓ અને તરુણો મોટી સંખ્યામાં પહોંચી રીલ પીવડાવી અને પતંગ અને ફીક્કીની ખરીદી કરી પતંગ યુદ્ધની તૈયારીઓને આખરી ઓપ આપી રહેલા જોવા મળ્યા હતા.પતંગમાં આ વખતે ત્રિવેણી ચીલ અને ખંભાતીના દબદબા વચ્ચે ફેન્સી પતંગોની ખરીદી પણ જોવા મળી જેમાં આશરે સરેરાશ ૧૫% નો ભાવ વધારો જોવા મળ્યો તો રીલમાં આ વખતે ૨૫૦૦ વારના રૂપિયા ૩૦૦વાળા રિલથી લઈ ને રૂપિયા૧૫૦૦ વાળા પાંચ હજારીયા AK ૫૬ પ્લેટિનમ સહીત રિલો જોવા મળી રહ્યા છે. જેને માંજા ચડાવવાના ભાવો રૂ.૮૦થી લઈ ને રૂ.૩૫૦ સુધીના લેવામાં આવે છે. પતંગ અને રીલ ઉપરાંત આ તહેવાર ને લગતી એસેસરીઝ જેવી કે ગોગલ્સ, કેપ, બ્યૂગલ, ટોટી અને હાથ મોજાની પણ ડિમાન્ડ વધી છે. તો વેચાતા બ્લુન અને ફુગ્ગાઓના કારણે સર્કલો રંગદર્શી બન્યા છે.

અકવાડામાં યુવકની હત્યા કરનાર સગીર સહિત ચાર ઝબ્બે

યુવતી સાથે ફોનમાં વાત કરતા શખ્સને ઠપકો આપવા ગયેલ યુવકની છરીના ઘા ઝીકી હત્યા કરાઈ હતી

તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૨

ભાવનગર અકવાડા નાથીયા તળાવની બાજુમાં જત વિસ્તારમાં રહેતાં યુવકની યુવતી સાથે ફોન પર વાતચીત અને વોટ્સએપ ચેટિંગના મુદ્દે વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં ગત મોડી રાતે યુવતીના પરિવારના ૩ શખ્સો યુવકને ઠપકો આપવા તેના ઘરે ગયા હતાં. જ્યાં યુવક અને તેના પરિવારે ૩ શખ્સો પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં યુવતીના સંબંધી દિનેશ નામના યુવકને પડખાના ભાગે અને પેટના ભાગે છરીના ઉપરા ઉપરી ઘા મારી ગંભીર ઈજા થઈ હતી. તેથી તેને સારવારમાં ખસેડાયો હતો. જેમાં રવિવારે યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું ઘટનાને પગલે પોલીસે બનાવ સ્થળે પહોંચીને તપાસ કરી હતી. જેમાં સગીર સહિત ૪ને પોલીસે અટકાયત કરી અને ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરી કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ, શનિવારે મોડી રાત્રીના ફરીયાદી દિલીપ રમેશભાઈ ડાભીના મામાના ભાગીદારના સંબંધીની દીકરી સાથે શહેરના અકવાડા નાથીયા તળાવની બાજુમાં જત વિસ્તારમાં રહેતો અલ્પેશ ધીરાભાઈ સોલંકી ફોનમાં વાતચીત તેમજ વોટ્સએપમાં ચેટ કરતો હોય, જે બાબતે ફરીયાદી તથા તેના મામા અને અન્ય લોકો અલ્પેશ સોલંકીને તેના ઘરે ઠપકો આપવા ગયા હતાં.જે સમયે અલ્પેશ તથા તેનો ભાઈ રાહુલ, તેની સાથે પાછળથી આવેલા સુરેશ ઉર્ફે ઘુઘી અને એક સગીર, તેઓએ દિલીપ ડાભી સાથે ઝપાઝપી કરી મારામારી કરી હતી. જે દરમ્યાન અલ્પેશ સોલંકીએ દિલીપના મામા દિનેશને પકડી રાખેલ અને રાહુલે દિલીપના દિનેશ હરભીમભાઈ ચૌહાણ (મામાને) પડખાના ભાગે અને પેટના ભાગે છરીના ઉપરા ઉપરી ઘા મારી ગંભીર ઈજાઓ કરી હતી. આથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે મૃતકના ભણીયાએ ઘોઘારોડ પોલિસ મથકમાં રાહુલ ધીરાભાઈ સોલંકી, અલ્પેશ ધીરાભાઈ સોલંકી, સુરેશ ઉર્ફે ઘુઘી સોલંકી અને એક સગીર વિરુદ્ધ આ બનાવની ફરિયાદ નોંધાવી હતી.દરમિયાન રવિવારે વહેલી સવારે દિનેશ હરભીમભાઈ ચૌહાણનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવના પગલે સીટી ડીવાયએસપી, ઘોઘારોડ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ઘોઘારોડ પોલિસે આ બનાવમાં નોંધાયેલ ફરિયાદમાં હત્યાની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી હતી અને પોલીસે આરોપી રાહુલ ધીરુભાઈ સોલંકી (ઉ.વ. ૨૬), અલ્પેશ ભીમભાઈ સોલંકી (ઉ.વ. ૧૯), સુરેશ ભીમાભાઈ સોલંકી (ઉ.વ. ૨૪) તથા એક સગીર સહીત ચારેય શખ્સોની ધરપકડ કરી હતી.

રાજ્યના ૩૬ શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને મોરારીબાપુ દ્વારા ચિત્રકૂટ એવોર્ડ અપાશે

મકરસંક્રાંતિના દિવસે તલગાજરડાની શાળામાં શિક્ષકોની વિશાળ હાજરીમાં ગૌરવવંતો એવોર્ડ એનાયત થશે,નવનિર્મિત કેન્દ્રવર્તી શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ કરાશે

ભાવનગર,તા.૧૨

મહુવા તાલુકાના તલગાજરડા ગામ ખાતે પૂ.મોરારીબાપુ દ્વારા આગામી તા.૧૪ ને બુધવારના (મકરસંક્રાંતિ) રોજ સવારના ૯ કલાકે રાજ્યના શ્રેષ્ઠ અને પ્રતિભાવંત પ્રાથમિક શાળાના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક ચિત્રકૂટ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવશે.



ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પસંદ કરાયેલા ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોને તેમની શ્રેષ્ઠ તેમજ નમૂનેદાર કામગીરી માટે સન્માનિત કરવામાં કરવામાં આવશે. રાજ્યના દરેક જિલ્લામાંથી એક તેમજ નગરપાલિકા વિસ્તારમાંથી એમ કુલ મળીને ૩૬ પ્રાથમિક શાળાના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ વડે આ દિવસે નવાજવામાં આવશે.આ કાર્યક્રમમાં શિવકુંજ આશ્રમ અધેવાડાના પૂ. સીતારામબાપુ તેમજ રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહેશે.આ દિવસે સમગ્ર મહુવા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોનું એક શૈક્ષણિક અધિવેશન પણ સાથોસાથ યોજાયું છે. સાથોસાથ આ દિવસે મહુવા તાલુકાના વય નિવૃત્ત થતા શિક્ષક ભાઈ-બહેનોને વિદાય સન્માન પણ આપવામાં આવનાર છે. મહુવા તાલુકાના તલગાજરડાની પ્રાથમિક શાળામાં આ કાર્યક્રમ યોજાશે. રાજ્યની પ્રાથમિક શાળાના ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગાંધીનગરના પ્રમુખ મહામંત્રી તેમજ હોદેદારો હાજર રહેશે.

સને ૨૦૦૦ ની સાલથી પ્રારંભાયેલા અને પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ખૂબ ગૌરવંતા ગણાયેલા પ્રતિષ્ઠિત ચિત્રકૂટ એવોર્ડનો આ સળંગ ૨૬ મો અવસર છે.

કાર્યક્રમની સફળતા માટે મહુવા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ સાથી શિક્ષકો કામગીરી બજાવી રહ્યા છે.જેઆ દિવસે તલગાજરડા ગામમાં આવેલ નવનિર્મિત પ્રાથમિક કેન્દ્રવર્તી શાળાનું પૂ.મોરારીબાપુના વરદ્ હસ્તે લોકાર્પણ થશે. આ કાર્યક્રમ માટે કૈલાશ ગુરુકુળ મહુવાના જયદેવભાઈ માંકડ, રસિકભાઈ અમીન, મહુવા તાલુકકા પ્રા.શિ.સંઘના પ્રમુખ મનુભાઈ શિયાળ, મહામંત્રી જગદીશભાઈ કાતરીયા, તલગાજરડા કે.વ. શાળાના આચાર્ય ટાંકભાઈ સહિતના જહેમતી ભૂમિકા નિભાવી રહ્યા છે.

૧૧ કેવી લાઈનના વીજ તારમાંથી પતંગ કાઢવા જતા શોક લાગતા કિશોરનું મોત

ઘોઘારોડ શિવનગર વિસ્તારમાં બનેલી કરુણાંતિકા : બે નાની બહેનોને પણ વીજ કરંટ લાગતા સારવારમાં દાખલ, એકના એક દીકરાનું મોત થતા પરિવારમાં શોક

ભાવનગર,તા.૧૨

ભાવનગર શહેરના મોટા શીતળા માતા મંદિર પાછળ આવેલા શિવનગર હનુમાનવાડી વિસ્તારમાં ગઈકાલે સાંજે એક હૃદયદ્રાવક ઘટના બની હતી જેમાં અહીં બે માળના મકાનની અગાશી પર પરિવારના ત્રણ બાળકો પતંગ ચગાવી રહ્યા હતા. પતંગ ચગાવતી વખતે અગાશી પાસેથી પસાર થતી ૧૧ કેવીની હાઈટેન્શન લાઈનમાં પતંગ ફસાઈ ગઈ હતી. આ ફસાયેલી પતંગ કાઢવા જતાં ત્રણેય બાળકો વીજ લાઈનના સંપર્કમાં આવી ગયા હતા અને તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો.આ દુર્ઘટનામાં પરિવારના એકનો એક પુત્ર નિકુંજ ગોપાલભાઈ મકવાણાનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. તેની સાથે રહેલી બે સગી બહેનો પણ ઈજાગ્રસ્ત થઈ હતી, જેમાં મનસ્વી મકવાણાની હાલત ગંભીર હોવાથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. જ્યારે અન્ય બહેન દ્રષ્ટિ મકવાણાને પ્રાથમિક સારવાર આપ્યા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગત અનુસાર, શહેરના ઘોઘારોડ ૧૪ નાળા ઉદયવીર હનુમાનજી મંદિરની બાજુમાં રહેતા નિકુંજ ગોપાલભાઈ મકવાણા તેના દાદા વિજયભાઈ મકવાણાના ઘરે પતંગ ચગાવવા ગયો હતો અને તેની બહેનો સાથે પતંગ ચગાવી રહ્યો હતો તે સમયે .પતંગ કપાઈને આવ્યો

તસવીર : ધવલ વાજા

હતો.અને અગાશી પાસે આવેલ વીજ વાયરમાં અટવાઈ જતા નિકુંજે અગાશીમાં પડેલા લોખંડના સળિયા વડે પતંગ લેવા જતા નિકુંજને વીજ કરંટ લાગ્યો હતો.અને બન્ને બહેન પણ નિકુંજને અડકી જતા ભાઈ બહેન ત્રણેયને ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હતો.ભાઈ બહેન ત્રણેયને ભાવનગરની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં નિકુંજનું મોત નિપજ્યું હતું.અને બન્ને બહેનને હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવી છે.આ ઘટનાની જાણ થતાની સાથેજ ઘોઘારોડ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો.અને મૃત દેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.એકના એક દીકરાનું શોક લાગતા મોત નીપજતા પરિવારમાં ઘેરો શોક છવાયો છે. ઉત્તરાયણ પૂર્વે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર શિવનગર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ફિલ્મીઢબે પીછો કરી દારૂ ભરેલી કાર સાથે બે બુટલેગરને ઝડપી લેવાયા

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે બે બુટલેગરો કારમાં વિદેશી દારૂ છુપાવી મસમોટો જથ્થો લાવતા હોવાની ભાવનગર પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળતા, બાતમી આધારે કારની વોચ ગોઠવી હતી. જે દરમિયાન બાતમી વાળી કાર પાલિતાણાના રેલ્વે ફાટક પાસે પસાર થતાં પોલીસે કાર થોભાવવાની કોશીશ કરતા, કાર ચાલકે પુરપાટ ઝડપે કાર ગારિયાધાર તરફ હંકારતા પોલીસે ફિલ્મી સ્ટાઈલે કારનો પીછો કરી, ગારિયાધારના પીપળવા ગામ નજીકથી વિદેશી દારૂના જથ્થા સાથે કારમાં સવાર બે બુટલેગરને ઝડપી લીધા હતા. જ્યારે અન્ય ત્રણ શખ્સોના નામ ખુલતા તેની શોધખોળ શરૂ કરાઈ છે.

દમણથી કારમાં વિદેશી દારૂનો મસમોટો જથ્થો ભરી પાલિતાણા ખાતે બે બુટલેગરો કારમાં લાવતા હોવાની ભાવનગર પેરોલ ફર્લો સક્વોર્ડને બાતમી મળતા પાલિતાણાના રેલ્વે ફાટક પાસે વોચ ગોઠવી હતી.જે દરમિયાન કાર સવારે પોલીસને જોઈને કાર ગારિયાધાર તરફ પુરપાટ ઝડપે હંકારી હતી. પોલીસે કારનો ફિલ્મી સ્ટાઈલે પીછો કરતા ગારિયાધારના પાંચટોપરા - પીપળવા ગામની વચ્ચે કારને ઓવરેટક કરી, કોર્ડન કરી, કારમાં સવાર બે શખ્સોને નીચે ઉતારી કારમાં તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂની બોટલો નંગ ૧૦૦૮, કિ.રૂા. ૩,૧૪,૪૯૬ના મુદ્દામાલ કબ્જે કરી, વૃંદ મનીષભાઈ ઝાલાવાડીયા, અક્ષય ગોરધનભાઈ કોસીયાની ધરપકડ કરી હતી. જ્યારે દમણથી દારૂ મોકલનાર મનીષ કુશવાહા, સંજય રાજુભાઈ મકવાણા અને પ્રહલાદ પ્રેમજીભાઈ ગોહિલની શોધખોળ શરૂ કરાઈ છે.

અવસાન નોંધ

મોઢ. ચા. (ખી. સ) બ્રાહ્મણ

ભાવનગર નિવાસી સ્વ. સંજયભાઈ જયા પ્રસાદ ઉપાધ્યાય (ઉ. વ ૫૨) નું તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ અવસાન થયેલ છે તે જયાપ્રસાદભાઈ ઉપાધ્યાય અને લલીતાબેન ઉપાધ્યાયના પુત્ર તથા મોનાલીબેન ઉપાધ્યાયના પતિ તથા ઋષિભાઈ અને નીખીલભાઈના પિતા થાય તેમનું બેસણું તા.૧૨ને સોમવારે બપોરે ૦૨ થી ૦૬ મુખ્યમંત્રી આવાસ યોજના બાલા હનુમાન મંદિર પાસે એરપોર્ટ રોડ સુભાષ નગર ભાવનગર રાખેલ છે.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

"ફુડ પ્લાઝાની જોગવાઈ" માટે ઈ-ટેન્ડર

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ, પશ્ચિમ રેલવે, ભાવનગર દ્વારા રજૂ કરવામાં આવેલ ભાવનગર ડિવિઝનના જણાવેલ A અને B શ્રેણીના સ્ટેશન ખાતે "ફુડ પ્લાઝાની જોગવાઈ" માટે **ઈ-ટેન્ડર** આમંત્રિત કરવામાં આવે છે.

અનું. નં.	સ્ટેશન	કેટેગરી	સ્થળ	રિઝર્વ કિંમત (રૂા.માં) / પ્રતિ વર્ષ પ્રથમ ત્રણ વર્ષ માટે અને ચોથા અને પાંચમાં વર્ષ માટે રિઝર્વ કિંમત પર ૧૦% વૃદ્ધિ	ઈએમડી (રૂા.) માં
૧	ભાવનગર ટર્મિનસ	A	પ્લેટફોર્મ નં. ૧	૪,૧૦,૧૦૦ + GST	૮૧,૫૦૦
૨	પોરબંદર	B	કોન્કોર્સ વિસ્તાર	૩,૭૯,૮૦૦ + GST	૭૫,૫૦૦

ટેન્ડર ખુલવાની અને બંધ થવાની તારીખઃ ટેન્ડર ઈશ્યૂ તા.૦૯/૦૧/૨૦૨૬. ટેન્ડર તા.૦૫/૦૨/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે બંધ થશે અને તા.૦૫/૦૨/૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ખોલાશે. **ટેન્ડર ફોર્મની પડતરઃ** ₹ ૫,૯૦૦ (GST સહિત) **કોન્ટ્રાક્ટનો સમયગાળોઃ** ૯ વર્ષ **ઓફરની વૈધતાઃ** ૬૦ દિવસ **વેબસાઈટ :** https://ireps.gov.in **સરનામું :** ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ગઢેચી વડલા પાસે, ભાવનગર પરા-૩૬૪૦૦૩

BVP-239

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

જાહેર નોટીસ

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી

શ્રી રસુલભાઈ ઈસાભાઈ ડેરૈયા, રહે. ઘોઘા સર્કલ, કબ્રસ્તાનની સામે, ભાવનગર. — **અરજી રજી. નં. ૨૧૩/૨૦૨૫ જ.તા.૧૫/૦૮/૧૯૫૯**

વિરુધ્ધ

જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી ભાવનગર મહાનગર કચેરી, ભાવનગર

વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી રસુલભાઈ ઈસાભાઈ ડેરૈયાએ તેમના ભાઈ સતાર ઈસાભાઈ ડેરૈયાનો જન્મ તા. ૧૫/૦૮/૧૯૫૯ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કે.બી.ચાંદલીયા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર

જાહેર નોટીસ

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી

શ્રી રસુલભાઈ ઈસાભાઈ ડેરૈયા, રહે. ઘોઘા સર્કલ, કબ્રસ્તાનની સામે, ભાવનગર. — **અરજી રજી. નં. ૨૧૪/૨૦૨૫ જ.તા.૧૫/૦૧/૧૯૫૭**

વિરુધ્ધ

જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી ભાવનગર મહાનગર કચેરી, ભાવનગર

વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી રસુલભાઈ ઈસાભાઈ ડેરૈયાએ તમનો જન્મ તા. ૧૫/૦૧/૧૯૫૭ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કે.બી.ચાંદલીયા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર

જાહેર નોટીસ

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી

શ્રી જમાલભાઈ મામજીભાઈ ડેરૈયા, રહે. મદીના મસ્જીદ પાસે, નવાપરા, ભાવનગર. — **અરજી રજી. નં. ૨૨૪/૨૦૨૫ જ.તા.૧૦/૦૨/૧૯૭૦**

વિરુધ્ધ

જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી ભાવનગર મહાનગર કચેરી, ભાવનગર

વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી જમાલભાઈ મામજીભાઈ ડેરૈયાએ તમના પુત્ર રફીક જમાલભાઈ ડેરૈયાનો જન્મ તા. ૧૦/૦૨/૧૯૭૦ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કે.બી.ચાંદલીયા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર

જાહેર નોટીસ

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી

શ્રી અબ્બાસભાઈ મહમદભાઈ ડેરૈયા, રહે. ઘોઘારોડની નાની સડક, નવાપરા, ભાવનગર. — **અરજી રજી. નં. ૨૨૨/૨૦૨૫ જ.તા.૧૧/૦૬/૧૯૬૧**

વિરુધ્ધ

જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી ભાવનગર મહાનગર કચેરી, ભાવનગર

વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી અબ્બાસભાઈ મહમદભાઈ ડેરૈયાએ તમના ભાઈ રફીક મહમદભાઈ ડેરૈયાનો જન્મ તા. ૧૧/૦૬/૧૯૬૧ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કે.બી.ચાંદલીયા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર